

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 25,(SURAT), DATE-10/12/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૨૫, (સુરત), તા.૧૦/૧૨/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 ગોવાના અરપોરા વિસ્તારમાં આવેલા જાણીતા નાઇટક્લબ 'બિર્ચ બાય રોમિયો લેન'માં લાગેલી ભયાનક આગે

3 જામસાહેબ સર દિગ્વિજયસિંહ જાડેજાને ભારતરત્ન આપવા કેસરીદેવસિંહની રાજયસભામાં માંગ!

4 બારડોલીમાં ભવ્ય આયોજનઃ પૂજ્ય મોરારીબાપુના સાંનિધ્યમાં સ્વરાજ આશ્રમ ખાતે ૧૪ મી સરદાર સંગોષ્ઠિ અને સ્મૃતિ વ્યાખ્યાન યોજાશે


## કોંગ્રેસે ઝીણા સામે ઘૂંટણ ટેકવ્યા, નેહરુને મુસ્લિમો ભડકશે તેવો ડર હતોઃ વંદે માતરમ્ મુદ્દે પીએમ મોદીનું સંસદમાં સંબોધન



**અંગ્રેજોએ વંદે માતરમ્ બોલવા પર સજાનો કાયદો બનાવ્યો હતો. પ્રતિબંધના વિરોધમાં બારિસાલની વીરાંગના સરોજની બોસે કહ્યું હતું કે આ પ્રતિબંધ હટાવવામાં નહી આવે તો હું મારી બંગડીઓ કાઢી નાંખીશ.**

સંસદના શિયાળુ સત્રમાં આજે વંદે માતરમ્ પર ચર્ચા કરવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદીએ પણ આ મુદ્દે સંસદમાં સંબોધન કર્યું. તેમણે કહ્યું, કે જે મંત્ર અને જયઘોષે આઝાદીના આંદોલનમાં ઊર્જા અને પ્રેરણા આપી. તેના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરના આપણે સૌ સાક્ષી બની રહ્યા છીએ.

પીએમ મોદીએ કહ્યું, કે 'વંદે માતરમ'ના ૧૦૦ વર્ષ પૂર્ણ થયા ત્યારે દેશ કટોકટી (ઈમરજન્સી) ની સાંકળોથી બંધાયેલો હતો. ત્યારે ભારતના બંધારણનું ગળું દબાવી દેવામાં આવ્યું હતું. દેશ માટે પ્રાણ ન્યોછાવર કરવા માટે તૈયાર લોકોને જેલમાં બંધ કરી દેવાયા હતા.'

તેમણે વધુમાં કહ્યું કે ૧૮૫૭માં સ્વતંત્રતા સંગ્રામ બાદ અંગ્રેજો ગભરાઇ ગયા હતા અને ભારત પર અત્યાચાર કરવામાં આવી રહ્યા હતા. ત્યારે તેમનું રાષ્ટ્રીય ગીત ગોડ સેવ ધ ક્વીન ઘરે ઘરે પહોંચાડવાનું ષડયંત્ર ચાલી રહ્યું હતું. વંદે માતરમ્ સ્વતંત્રતાના આંદોલનનો સ્વર બની ગયું. વંદે માતરમ્ દરેક ભારતીયનો સંકલ્પ બની ગયું.

પીએમ મોદીએ કહ્યું, કે અંગ્રેજોએ વંદે માતરમ્ બોલવા પર સજાનો કાયદો બનાવ્યો હતો. પ્રતિબંધના વિરોધમાં બારિસાલની વીરાંગના સરોજની બોસે કહ્યું હતું કે આ પ્રતિબંધ હટાવવામાં નહી આવે તો હું મારી બંગડીઓ કાઢી નાંખીશ. તે સમયે બંગડીઓ કાઢવી મહિલા માટે ખૂબ મોટી વાત કહેવાતી. પીએમ મોદીએ કહ્યું, કે આપણાં દેશના બાળકોએ પણ અંગ્રેજોને હેરાન કરી નાંખ્યા હતા. નાના બાળકો 'વંદે માતરમ'ની પ્રભાત ફેરી કાઢતા. તેમને નાની ઉંમરમાં જેલમાં બંધ કરી ચાબુક મારવામાં આવતી. આજે દરેક દેશવાસીને ગર્વ થવો જોઈએ કે દુનિયાના ઇતિહાસમાં ક્યાંય એવું કોઈ કાવ્ય નથી જે સદીઓ સુધી એક લક્ષ્ય માટે કરોડો લોકોને પ્રેરિત કરતું હોય.

પીએમ મોદીએ કહ્યું, વંદે માતરમ્ સાથે વિશ્વાસઘાત અને અન્યાય કેમ થયો? ૧૯૩૭માં ઝીણાએ વંદે માતરમનો વિરોધ કર્યો. જવાહરલાલ નહેરુને પોતાનું સિંહાસન ડગમગતું દેખાયું. ઝીણા તથા મુસ્લિમ લીગને જડબાતોડ જવાબ આપવાને બદલે નેહરુએ વંદે માતરમ્ વિરુદ્ધ જ તપાસ શરુ કરી નાંખી. નેહરુજી કહે છે કે - મે આ ગીતનું બેકગ્રાઉન્ડ વાંચ્યું છે, મને લાગે છે કે આ બેકગ્રાઉન્ડથી મુસ્લિમો ભડકશે. જે બાદ કોંગ્રેસે કહ્યું કે ૨૬ ઓક્ટોબરે કોંગ્રેસની કાર્યસમિતિની બેઠકમાં આ ગીતની સમીક્ષા કરવામાં આવશે.

## સુરત જિલ્લામાં ઠંડીનો ચમકારો યથાવતઃ૧૦ દિવસ બાદ લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રીએ પહોચ્યું



બારડોલી- સુરત જિલ્લામાં ઠંડીનો ચમકારો યથાવત રહ્યો છે. દસ દિવસ બાદ ફરી એકવાર લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું છે. હવામાન વિભાગના આંકડા મુજબ, ઓલપાડ, બારડોલી, માંગરોળ અને પલસાણા સહિતના વિસ્તારોમાં આ ઘટાડો નોંધાયો છે. છેલ્લા કેટલાક દિવસોથી લઘુતમ તાપમાન ૧૭ થી ૧૮ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેતું હતું, જયારે મહત્તમ તાપમાન ૩૦ થી ૩૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાતું હતું. ઠંડીના આ ચમકારાને કારણે જિલ્લાના જનજીવન પર તેની અસર જોવા મળી રહી છે. લોકોએ ફરીથી સ્વેટર, ટોપી અને શાલ જેવા ગરમ વસ્ત્રો પહેરવાનું શરૂ કર્યુંછે.

સવારની દિનચર્યામાં પણ ફેરફાર જોવા મળ્યો છે. ખેડૂતો અને વહેલી સવારે કામ પર નીકળતા લોકો ઠંડીથી બચવા માટે તાપણાંનો સહારો લેતા જોવા મળ્યા હતા.

## ૧૯ મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



**સ્વ. અરવિંદસિંહ અભેસિંહ ઠાકોર**
**(કાંતિલાલ)**

સ્વ. તા. ૦૬/૧૨/૨૦૦૬

ફુલ દુનિયામા તેની સુગંધ છોડી જાય છે તેમ શરીર આત્મા છોડી દે છે,
આપણો સાથ રહયો ન રહયો પણ આપણી યાદ હંમેશા અમારી સાથે રહેશે, દિલની ભાવનાઓ
શબ્દો થકી હૃદયાંજલિ બની રહેશે. પ્રભુ આપણા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**શોકાકુલ**

કુસુમબેન કે. ઠાકોર
હિમાંશુ કે. ઠાકોર
હિમાબેન હિમાંશુ ઠાકોર
યાના હિમાંશુ ઠાકોર

રાજવીરસિંહ મહેન્દ્રસિંહ ખેર, સુરત
જાગૃતીબેન રાજવીરસિંહ ખેર, સુરત
માનીત રાજવીરસિંહ ખેર, સુરત
તથા સમસ્ત ઠાકોર પરિવાર

મુ. ગામ પાલી, તા. કામરેજ, જીલ્લો, સુરત, હાલ રહે બારડોલી.

**શ્રી રાજપૂત સમાજ કામરેજ વિભાગ દ્વારા**

## ભાવનગરના નેકનામદાર મહારાજા સાહેબ કૃષ્ણકુમારસિંહજીના ત્યાગ દિવસની ઉજવણી












ભાવનગરના- શ્રી રાજપૂત સમાજ કામરેજ વિભાગ દ્વારા ભાવનગરના નેકનામદાર મહારાજા સાહેબ કૃષ્ણકુમારસિંહજીના ત્યાગ દિવસની ઉજવણી કાર્યક્રમના તૈયારી નાભાગરૂપે દેલાડ ખાતે કામરેજ રાજપૂત સમાજ ના અગ્રણીઓ અને યુવાનોની વિશેષ મીટીગ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજપૂત સમાજ નાવડીલ આગેવાનશ્રીઓ તથા દ. ગુજરાતના વિવિધ સંસ્થાના પ્રમૂખ શ્રીઓ તથા દેલાડ ગામના અગ્રણીઓ સર્વ યુવાનો વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## તાપી જિલ્લા વ્યારા પોલીસ સ્ટેશનમાં છેતરપીડીના ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી



તાપી એલ.સી.બી. સાથે વ્યારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન એ. એસ. આઇ. ધર્મેશભાઇ મગનભાઇ અને અ. પો. કો. રોનકભાઇ સ્ટીર્વસન નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે મોજે- વ્યારા તાલુકાના ડોલારા ગામ ત્રણ રસ્તા પાસેથી વ્યારા પો.સ્ટે.એ પાર્ટ ઇ.પી.કો. કલમ તથા જી.પી.આઇ.ડી. એક્ટ ૨૦૦૩ ની કલમ-૩ મુજબના ગુનાના કામે સંડોવાયેલ નાસતો ફરતો વોન્ટેડ આરોપી- અનિલભાઇ ગમનભાઈ ગામીત રહે. હનુમતિયા ગામ તા. સોનગઢ જી. તાપી પકડી જે મુજબ અટક કરી આગળની વધુ કાર્યવાહી સારૂ વ્યારા પોલીસ સ્ટેશન ખાતે સોંપેલ છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# ગોવાના અરપોરા વિસ્તારમાં આવેલા જાણીતા નાઇટક્લબ 'બિર્ચ બાય રોમિયો લેન'માં લાગેલી ભયાનક આગે

## પત્નીને બચાવી લાવ્યા, પછી સાળીઓને બચાવવા આગમાં કૂદ્યા... ગોવામાં એક જ પરિવારના ૪ના મોત



ગોવાના અરપોરા વિસ્તારમાં આવેલા જાણીતા નાઇટક્લબ 'બિર્ચ બાય રોમિયો લેન'માં લાગેલી ભયાનક આગે માત્ર પંદર મિનિટમાં જ એક ખુશહાલ પરિવારના જીવનનો અંત લાવી દીધો. આ દુર્ઘટનામાં ગાઝિયાબાદથી રજાઓ માણવા આવેલા એક જ પરિવારના ચાર સભ્યોનું કરુણ મોત થયું છે. જોકે, પરિવારના એકમાત્ર બચી ગયેલા સભ્ય ભાવના જોશી જ જીવિત છે.

શનિવારની મોડી રાત્રે ભાવના તેમના પતિ વિનોદ કુમાર અને તેમની ત્રણ બહેનો (અનિતા, સરોજ અને કમલા) સાથે નાઇટક્લબમાં પહોંચ્યા હતાં. બાંગાના એક હોટેલમાં રોકાયેલા આ પરિવાર માટે, ગોવાની આ સફર ખુશી અને શાંતિની પળોની ભેટ સમાન હતી અને આ સાંજ તેમની રજાઓની સૌથી યાદગાર ક્ષણ બનવાની અપેક્ષા હતી. જોકે, ક્લબમાં પ્રવેશ્યાની થોડી જ મિનિટોમાં અચાનક આગ ભભૂકી ઊઠી. પરિણામે, ચારે બાજુ અફરાતફરી મચી ગઈ અને ધુમાડો તેમજ આગની જવાળાઓ ઝડપથી ફેલાવા લાગી.

પોલીસના જણાવ્યા મુજબ, પરિસ્થિતિ ગંભીર બનતા વિનોદ કુમારે પત્ની ભાવનાને તરત જ મુખ્ય પ્રવેશદ્વાર તરફ મોકલી દીધાં. ભાવના માંડ બહાર નીકળીને બેભાન અવસ્થામાં બેસી ગયાં. જોકે, વિનોદ ત્યાં ન રોકાયા. પત્નીને સુરક્ષિત કર્યા પછી, અંદર ફસાયેલી ત્રણ સાળીઓને બચાવવા તે ફરીથી ક્લબમાં ગયા. કમનસીબે, આગે વિનોદ અને તેમની ત્રણેય સાળીઓને ભરખી લીધા.

બહાર ઊભેલા ભાવના સતત પતિને ફોન કરી રહ્યાં હતાં. જ્યારે વિનોદનો મૃતદેહ બહાર લવાયો, ત્યારે તેમનો મોબાઇલ ફોન હાથમાં જ હતો, જેમાં ભાવનાનો છેલ્લો કોલ હતો.

જે રજાઓની શરૂઆત હાસ્ય સાથે થઈ હતી, તેનો અંત ક્લબની બહાર પોલીસના બેરિકેડિંગ અને રુદનમાં બદલાઈ ગઈ. ભાવના હવે એકલાં હતાં, તેમણે પતિ અને ત્રણેય બહેનોને ગુમાવી દીધાં હતાં. હોટેલના કર્મચારીઓ તેમને સાંત્વના આપવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો રાતોરાત ગોવા પહોંચ્યા. એક સંબંધીએ રડતાં જણાવ્યું કે, ઘરે બાળકો રાહ જુએ છે, પરંતુ તેમને સત્ય કહેવાની કોઈની હિંમત નથી.

## ઐતિહાસિક ક્ષણો....

# દિલધડક કરતબો અને તાળીઓનો ગડગડાટ

અંકલેશ્વરના સૂચિત એરપોર્ટ ખાતે ઇન્ડિયન એર ફોર્સનો ભવ્ય અને રોમાંચક એર શો; ભારતીય વાયુસેનાની પ્રખ્યાત સારંગ હેલિકોપ્ટર ટીમ અને આકાશગંગા પેરાજમ્પિંગ ટીમે દિલધડક હવાઈ કરતબો રજૂ કર્યા. BDMA, BCC અને ભરૂચ જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે અંકલેશ્વર ખાતે આયોજિત આ પ્રેરણાદાયક એર શો અને પેરાશૂટ જમ્પિંગ શો ભરૂચના નાગરિકો માટે યાદગાર બની રહ્યો.









# નજીકબાઈકને કામરેજનાં લાડવી બચાવવા જતાં કાર વીજપોલ સાથે અથડાતાં મહિલાનું મોત

ઓલપાડ, કામરેજ ખાતે રહેતી બહેનપણીને મળી દાંડી રોડ ખાતે રહેતી એક મહિલા પોતાના પતિના મિત્રની કારમાં પરત સુરત આવી રહી હતી. ત્યારે લાડવી નજીક એક બાઈકચાલકને બચાવવા જતા તેમની કાર વીજપોલ સાથે ભટકાઈ હતી. જેમા પાછળની સીટ પર બેઠેલી મહિલાનું ગંભીર ઈજાઓને પગલે ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. જયારે, કારમાં સવાર અન્ય બે લોકોને સામાન્ય ઈજાઓ પહોંચતા તેમને સારવાર માટ દાખલ કરવામાં આવ્યા છે. દાંડી રોડ સુમન વાણી ખાતે રહેતા ડિમ્પલ પટેલ કામરેજ પોતાની બહેનપણીને મળવા માટે ગયા હતા. પોતાની બહેનપણીને મળી તેઓ પરત સુરત આવી રહ્યા હતા ત્યારે તેમને પોતાના પતિ રાજેશ પટેલના ઓળખીતા પ્રતીક પ્રવિણભાઈ પરમાર અને તેનો મિત્ર યોગેશ ભરતભાઈ પઢિયાર મળી ગયા હતા. તેઓ પણ કારમાં સુરત જ જઈ રહ્યા હતા. આથી, ડિમ્પલબેન તેમની સાથે પરત આવી રહ્યા હતા.

ત્યારે, વલથાણથી સુરત તરફ જતી વખતે સામેથી આવતી બાઈકને બચાવવા જતા બેકાબૂ બનેલી ગાડી રસ્તા પરથી ઉતરી સિમેન્ટના વીજપોલ સાથે ભટકાઈ હતી. આ અકસ્માતમાં પાછળની સીટ પર બેઠેલા ડિમ્પલ પટેલનું ગંભીર ઈજાઓને પગલે ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જયારે, ગાડીના ચાલક પ્રતીક અને તેના મિત્ર યોગેશને સામાન્ય ઈજાઓ પહોચી હતી. બનાવ અંગે કામરેજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું:બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં પારડી ઝાંખરી શાળાની કૃતિ પ્રથમ

બારડોલી-જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત પ્રેરિત તાલુકા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૫નું આયોજન ઓલપાડના અટોદરા પ્રાથમિક શાળા ખાતે થયું હતું. પ્રદર્શનમાં તાલુકાની વિવિધ શાળાઓના બાળ વૈજ્ઞાનિકો દ્વારા કુલ ૫૩ જેટલી કૃતિઓ ૫ વિભાગમાં રજૂ થઇ હતી. આ પ્રદર્શનમાં પારડીઝાંખરી પ્રાથમિક શાળાના બાળ વૈજ્ઞાનિકો હેની રાઠોડ અને અંકિતા રાઠોડે વિભાગ-૧માં તેમની અનોખી કૃતિ 'ફાર્મિંગ ટાવર' રજૂ કરી હતી.



તેમની આ કૃતિને નિર્ણાયકો દ્વારા પ્રથમ ક્રમ આપી સન્માનિત કરવામાં આવી હતી. બાળ વૈજ્ઞાનિકોની સિદ્ધિ બદલ આચાર્ય રમેશ પટેલ, શાળા પરિવાર, શાળા વ્યવસ્થાપન સમિતિ, સી.આર.સી. કો-ઓર્ડિનેટર વિજય પટેલ તથા કેન્દ્રાચાર્ય જાગૃતિ પટેલે હેની રાઠોડ અને અંકિતા રાઠોડને અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડનાર તેમના માર્ગદર્શક શિક્ષિકા શીતલ મહીડાને પણ આચાર્ય અને શાળા પરિવારે અભિનંદન આપી તેમની મહેનતને બિરદાવી હતી.

## સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં પંચાયત મા. મ. વિભાગ, સુરત હસ્તક

# મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ વધુ એક રસ્તો મોજે મોતા ગામે ભીમરાવતળાવ થી રામપરા તરફ જતા કાચા રસ્તાને ડામર કરવાનું કામ પુર્ણતાના આરે

**બારડોલી, મોતા-** સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં પંચાયત મા. મ. વિભાગ, સુરત હસ્તક મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ વધુ એક રસ્તો મોજે મોતા ગામે ભીમરાવતળાવ થી રામપરા તરફ જતા કાચા રસ્તાને ડામર કરવાનું કામ પુર્ણતાના આરે છે. ૧.૦૦ કીમી લંબાઇ ધરાવતો તથા રૂ. ૯૬.૦૦ લાખના ખર્ચે તૈયાર થનાર સદર રસ્તો ખેતરાડી વિસ્તારમાંથી પસાર થાય છે તથા બીજી બાજુ સ્ટેટ હાઇ-વે ને જોડે છે.



અગાઉ આ રસ્તો કાચી સપાટીનો હોવાથી ખાસ કરીને ચોમાસાની ઋતુમાં ખેડુતોને ખેત-પેદાશો લાવવા લઇ જવામાં ખુબ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો જે રસ્તો હવે ડામર રોડ બનતા ખેડુતો તથા અન્ય ગામલોકોને વાહન વ્યવહારમાં સુગમતા રહેશે.

**કાચા રસ્તાને ડામર કરવાનું કામ પુર્ણતાના આરે છે. ૧.૦૦ કીમી લંબાઇ ધરાવતો તથા રૂ. ૯૬.૦૦ લાખના ખર્ચે તૈયાર થનાર સદર રસ્તો ખેતરાડી વિસ્તારમાંથી પસાર થાય છે તથા બીજી બાજુ સ્ટેટ હાઇ-વે ને જોડે છે.**

# ઉતારા ગામમાં દીપડાએ ૪ વાછરડા પર હુમલો કર્યો, ૧ નું મોત નીપજયું



બારડોલી- બારડોલી તાલુકાના ઉતારા ધામદોડ ગામ નજીક નિર્મિત રેસિડેન્સીમાંથી ભૂલા પડેલા ચાર વાછરડા પર દીપડાએ હુમલો કર્યાની ઘટના સામે આવી છે. આ હુમલામાં એક વાછરડાનું મૃત્યુ થયું હતું, જયારે અન્ય ત્રણ ભાગી છૂટ્યા હતા.

ઉતારા ગામના ખેડૂત દિનેશભાઈ શાંતુભાઈ પટેલે સવારે પોતાના ખેતરમાં એક વાછરડું મૃત હાલતમાં જોયું હતું. તેના પાછળના ભાગમાં થોડુંક માસ ખવાયેલું હોવાથી શિકાર કૂતરાંએ કર્યો છે કે દીપડાએ, તે અંગે મૂંઝવણ હતી. તપાસમાં વાછરડાના ગળાના ભાગે દીપડાના દાંતના સ્પષ્ટ નિશાન જોવા મળ્યા હતા. વધુમાં, ખેતરની આસપાસ તપાસ કરતા એકથી વધુ દીપડાના પગમાર્ક પણ મળી આવ્યા હતા.

# જિલ્લા પોલીસ અધિક્ષકે આપ્યું વિદ્યાર્થીઓને માર્ગદર્શન:ઓનલાઈન સેફ્ટી, સામાજિક જવાબદારી જાગૃત નાગરિકની ફરજો અંગે સમજ

બારડોલી- ગુજરાત રાજયનાં આદિજાતિ વિકાસ વિભાગની ધી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ એજયુકેશન સોસાયટી ગાંધીનગર અને શાંતિલાલ સંઘવી ફાઉન્ડેશન સંચાલીત પી.એમ. શ્રી - એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ, ખોડદા ખાતે ૬ ડિસેમ્બર વાર શનિવારના રોજ પોલીસ અધિક્ષક જશુભાઈ એન.દેસાઈ, આઇ.પી.એસ. (તાપી-વ્યારા) દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન અધિક્ષકએ શાળાની વ્યવસ્થા, શિસ્ત અને શૈક્ષણિક વાતાવરણની મુલાકાત લીધી હતી અને ત્યારબાદ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે ખાસ કરીને શાળા શિસ્ત અને નિયમોનું




પાલન, વિદ્યાર્થીઓની સુરક્ષા, દૈનિક જીવનમાં અનુસરવાના કાયદાકીય નિયમો, વ્યક્તિગત સુરક્ષા, ઓનલાઈન સેફ્ટી, સામાજિક જવાબદારી અને જાગૃત નાગરિક તરીકેની ફરજો અંગે વિગતવાર સમજણ આપી હતી. વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી સત્રમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને જરૂરી માહિતી મેળવી હતી. પોલીસ અધિક્ષકશ્રીની આ મુલાકાતથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, સુરક્ષા જાગૃતિ અને જવાબદારીની ભાવના વધુ મજબૂત બની હતી. મુલાકાતના અંતે શાળાના આચાર્ય રાહુલકુમાર આર. પટેલએ પોલીસ અધિક્ષકનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે અધિક્ષકનું માર્ગદર્શન વિદ્યાર્થીઓ માટે અત્યંત પ્રેરણાદાયક અને ઉપયોગી સાબિત થયું છે અને સુરક્ષા તથા શિસ્ત અંગે આપવામાં આવેલી માહિતીએ વિદ્યાર્થીઓમાં જાગૃતિ વધારી છે.

# ટુકેદ ગામે ધારાસભ્યના હસ્તે ૧૧.૬૫ કરોડના કામોનું ખાતમુહૂર્ત

માંડવી- અરેઠ તાલુકાના ટુકેદ ગામે માંડવીના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા મંજૂર થયેલા રૂ.૧૧.૬૫ કરોડના ૮ કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું.




ધારાસભ્યે જણાવ્યું કે, ગ્રામ પંચાયતોના નવા ભવનોના કામો મંજૂર થયા છે જેનાથી ગ્રામજનોને વધુ સારી સુવિધાઓ પ્રાપ્ત થશે. કમલાપોર ગામે વિદ્યાર્થીઓને વાંચન લેખન માટે લાયબ્રેરીનું નિર્માણ થશે જેથી બાળકો ઉચ્ચ અભ્યાસ તથા સ્પર્ધાત્મક તૈયારી સરળતાથી કરી શકશે. આ કામોમાં રૂ.૫ કરોડના ખર્ચે અરેઠ અંત્રોલી રસ્તો, રૂ.૨.૭૦ કરોડના ખર્ચે ટુકેદ મઘરકુઈ અંત્રોલી જોઈનીગ અરેઠ અંત્રોલી બોરીગાળા રસ્તો, રૂ.૧.૧૫ કરોડના ખર્ચે ટુકેદ બોરીગાળા કોલાકુઈ રસ્તો, રૂ.૧.૭૦ કરોડના ખર્ચે તુકેદ એપ્રોચ રોડ, રૂ.૨૫-૨૫ લાખના ખર્ચે માંડવીના અમલસાડી, ગામ તળાવ બુજરંગ, અંત્રોલી ગ્રામ પંચાયતો ભવનોનું બાંધકામ સાકારિત થશે.

આ ઉપરાંત રૂ.૩૫ લાખના ખર્ચે કમલાપોર ગામમાં લાઇબ્રેરીનું બાંધકામ સહિત કુલ રૂ.૧૧.૬૫ કરોડના ખર્ચે વિવિધ યોજના અંતર્ગત મંજૂર થયેલા ૦૮ કામોનો સમાવેશ થાય છે.

# કિમ નજીકમાં બગાસ ભરેલી ટ્રકમાં આગ:શોર્ટ સર્કિટથી કેબિન ખાક, ડ્રાઈવરનો આબાદ બચાવ

ઓલપાડ- સુરત જિલ્લાના કીમ-સાયણ રોડ પર આવેલા સિયાદલા ગામના પાટિયા નજીક બગાસ ભરેલી એક ટ્રકમાં આગ લાગી હતી. સદનસીબે, ડ્રાઈવર સમયસર બહાર નીકળી જતાં કોઈ જાનહાનિ થઈ ન હતી.



પ્રાથમિક માહિતી અનુસાર, શોર્ટ સર્કિટના કારણે ટ્રકના કેબિન ભાગમાં આગ લાગી હોવાનું અનુમાન છે. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ઘટનાની જાણ થતાં જ સુમિલોન ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

# ચીખલીના સાગર લાડે AI આધારિત પુસ્તક લખ્યું

ચીખલી,તા.૫ ચીખલીના પ્રતિભાશાળી યુવાન અને ડેટા એન્ડ એઆઈ સોલ્યુશન આર્કિટેક્ટ સાગર લાડએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપતાં "Level Up with Azure AI Foundry" નામનું માર્ગદર્શક પુસ્તક લખી પ્રકાશિત કર્યું છે. આ પુસ્તક અમેઝોન, Speeds.com સહિતના મુખ્ય ઓનલાઈન સ્ટોર્સ પર ઉપલબ્ધ થતા ચીખલી તાલુકા સહિત સમગ્ર વિસ્તારે ગૌરવની લાગણી અનુભવી છે.



ચીખલીના મનીયાર સ્ટ્રીટમાં રહેતા નિવૃત્ત કર્મચારી ભરત લાડના પુત્ર સાગર લાડે કોમ્પ્યુટર એન્જિનિયરિંગના અભ્યાસ બાદ આઈઆઈટી બેંગ્લોરમાંથી ડેટા સાયન્સમાં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ મુંબઈ સ્થિત જાણીતી ખાનગી કંપનીમાં Data & AI Solution Architect તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી હતી. હાલમાં તેઓ કંપનીના માધ્યમથી નેધરલેન્ડ Data Solution Architect તરીકે સેવાઓ બજાવી રહ્યા છે. દરમ્યાન સાગર લાડે એ.આઈ.ના મૂળભૂત તત્વોથી લઈ પ્રાયોગિક વ્યવહાર સુધીની તમામ મહત્વપૂર્ણ જાણકારી સરળ રીતે ઉપલબ્ધ થાય તે માટે Azure પ્લેટફોર્મ આધારિત માર્ગદર્શિકા સ્વરૂપે "Level Up with Azure AI Foundry" પુસ્તક લખ્યું છે. તેમાં Generative AI, Prompt Engineering, Azure AI Studio, Data Management સહિતની આધુનિક વિષયવસ્તુઓ સરળ ભાષામાં સમજાવવામાં આવી છે.

સાગર લાડે જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આજના ડેટા યુગમાં સૌથી મોટું પરિવર્તન લાવનાર તત્વ છે. એઆઈ કોઈ એક ક્ષેત્ર માટે જ નહીં પરંતુ દરેક માટે છે. આ પુસ્તક ટેક્નિકલ જ્ઞાન આપવા સાથે લોકોને નવી ટેકનોલોજી શીખવાની પ્રેરણા માટે રચાયું-લખાયું છે.

તેમની આ સિદ્ધિથી લાડ પરિવાર તથા સમગ્ર વિસ્તારના લોકોને ગર્વ અનુભૂતિ થવા પામી છે. યુવા પેઢી માટે પ્રેરણારૂપ બનનાર આ પુસ્તક ચીખલીના યુવાનનો વૈશ્વિક ટેક્નોલોજી ક્ષેત્રમાં ઉલ્લેખનીય યોગદાન છે.

**સાગર લાડનું "Level Up with Azure AI Foundry" નામનું પુસ્તક એમેઝોન સહિતના મુખ્ય ઓનલાઈન સ્ટોર્સમાં ઉપલબ્ધ બન્યુ**

Date-10/12/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

# આપણા દરેક એકશનનું ઓનલાઈન ટ્રેકિંગ થાય છે...

આપણે કોઈ એપ ઓપન કરીએ, વીડિયો જોઈએ, લાઇક કરીએ, વેબપેજ જોઈએ કે ઓનલાઇન ખરીદી કરીએ એ સાથે આપણું ટ્રેકિંગ શરૂ થાય છે.

આપણે જે વેબપેજ પર હોઈએ તેના પરની આપણી બધી પ્રવૃત્તિઓ નોંધવાની શરૂઆત થાય છે. (કેવી રીતે? એની વાત આગળ). આ ટ્રેકિંગ, એ પેજથી આપણે આગળ વધીએ ત્યારે પણ ચાલુ  રહે છે.

એક પેજ પરથી આપણે નેટ પર અલગ અલગ સાઇટ્સ પર જઈએ ત્યાં બધે, આપણું પગેરું દબાવવામાં આવે છે. આપણે કઈ સાઇટ પર શું વાંચીએ છીએ, શું જોઈએ છીએ, શું ખરીદીએ છીએ, શું લાઇક કરીએ છીએ વગેરે બધી માહિતી એકઠી કરવામાં આવે છે. આ માહિતીને આધારે, આપણો પ્રોફાઇલ તૈયાર થાય છે. તેના આધારે આપણે જેની ખરીદી કરીએ એવી સૌથી વધુ શક્યતા હોય એ વસ્તુ/સર્વિસની જાહેરાત આપણને બતાવવામાં આવે છે!

**ટ્રેકિંગની કેવી અસર થાય છે?**

તમે કોઈ ઓનલાઇન સ્ટોર પર કોઈ ચોક્કસ બ્રાન્ડેડ વસ્તુ ખરીદી રહ્યા છો. તો સ્ટોરની સિસ્ટમ તપાસશે કે તમારા લોકેશનની નજીકમાં એ બ્રાન્ડનો કે તેના હરીફનો વાસ્તવિક સ્ટોર છે? જો હા, તો ઓનલાઇન સ્ટોર તમને ડિસ્કાઉન્ટ ઓફર કરશે. જો તમારા લોકેશનથી દૂર દૂર સુધી એ બ્રાન્ડ કે હરીફ કંપનીનો કોઈ સ્ટોર ન હોય તો સાઇટ પર કોઈ ડિસ્કાઉન્ટ ન મળે એવું બની શકે છે!

માની લો કે એક વ્યક્તિ પોતાના એન્ડ્રોઇડ સ્માર્ટફોનમાં અને બીજી વ્યક્તિ પોતાના આઇફોનમાં એક જ બુકિંગ સાઇટ પર જઈને, એક જ શહેરની, એક જ હોટેલમાં રૂમ બુક કરવાનો પ્રયાસ કરી રહી છે. તો બુકિંગ સાઇટ, આઇફોન પર સર્ચ કરતી વ્યક્તિને રૂમનો ચાર્જ વધુ કહે એવું બની શકે છે - એવી ધારણા સાથે કે આઇફોન વાપરતી વ્યક્તિ વધુ ચાર્જ આપતાં ખચકાશે નહીં!

ઇન્ટરનેટના અર્થતંત્રના પાયામાં છે ટાર્ગેટ એડવર્ટાઇઝિંગ. એટલે કે જે વ્યક્તિ કોઈ ચોક્કસ પ્રોડક્ટ કે સર્વિસ ખરીદે તેવી સૌથી વધુ શક્યતા હોય તેને જ ટાર્ગેટ બનાવીને, તે પ્રોડક્ટ કે સર્વિસની જાહેરાત તેને બતાવવી. ટાર્ગેટ એડવર્ટાઇઝિંગ મુખ્યત્વે ત્રણ બાબતોથી શક્ય બને છે: આપણને ન દેખાતા ટ્રેકિંગ કોડથી, કૂકીઝથી તથા ચારે તરફ દેખાતાં સોશિયલ બટન્સથી.

**ટ્રેકિંગ કોડઃ** ગૂગલ, ફેસબુક અને બીજી સંખ્યાબંધ કંપનીઓ, જે ટાર્ગેટ એડવર્ટાઇઝિંગનું પ્લેટફોર્મ પૂરું પાડે છે તે, જુદી જુદી વેબસાઇટ્સને એક ખાસ પ્રકારનો કોડ આપે છે. આ કોડ જે તે વેબસાઇટમાં ઇન્સ્ટોલ કરવાથી, એ સાઇટના કયા દેશ/ શહેરના મુલાકાતીઓઓએ સાઇટ પર કયા પેજની મુલાકાત લીધી, આ પેજ પર તેઓ ક્યાંથી આવ્યા, તેઓ કયા સાધન (પીસી, ટેબલેટ કે સ્માર્ટફોન), કયા બ્રાઉઝરનો ઉપયોગ કરે છે, તેઓ સાઇટ પર ક્યાંથી ક્યાં ગયા, કયા પેજ પર કેટલો સમય રોકાયા, કોઈ ખરીદી કરી કે નહીં વગેરે બધી જ માહિતી એ વેબસાઇટના પબ્લિશર જાણી શકે છે (અલબત્ત, તેઓ આપણને ઓળખી શકતા નથી). આ બધું સાઇટ એનાલિટિક્સ કહેવાય છે.

**કૂકીઝઃ** કૂકીઝનો ઉપયોગ કરતી કોઈ વેબસાઇટની આપણે પહેલી વાર મુલાકાત લઈએ ત્યારે, એ સાઇટને આપણા માટે કસ્ટમાઇઝ્ડ બનાવવા માટે તેમ જ આપણા વિશે વધુ માહિતી મેળવવા માટે એ સાઇટ પરથી આપણા કમ્પ્યૂટરમાં અમુક કૂકી ડાઉનલોડ થાય છે. આ કૂકી કોઈ પ્રોગ્રામ હોતા નથી, ફક્ત એક ટેક્સ્ટ ફાઇલ હોય છે, જેમાં સામાન્ય રીતે જે તે સાઇટનું નામ અને આપણી આગવી ઓળખ જેવો યુનિક યૂઝર આઇડી હોય છે. એ જ સાઇટ પર આપણે બીજી વાર જઈએ ત્યારે પેલી કૂકીને આધારે વેબસાઇટને આપણને ઓળખી લે છે અને આ માહિતીનો ઘણા કિસ્સામાં બીજી સાઇટ્સ પણ ઉપયોગ કરે છે.

**સોશિયલ બટન્સઃ** આજકાલ લગભગ તમામ સાઇટ્સ પર વિવિધ પ્રકારના કન્ટેન્ટને સોશિયલ સાઇટ્સ પર લાઈક કે શેર કરવા માટેનાં બટન જોવા મળે છે.


## ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

● ૫–સિટર ● ૭–સિટર ●





સંપર્ક– અનિલભાઈ મો.97242 60058





સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત


# પાંચ લાખ લોકોએ એક સાથે ગીતાપાઠ કર્યો

## કોલકાતા બન્યું ભગવામય

## કોલકાતામાં સીએમ મમતા બેનર્જી સામે ડુંકાર






૬ ડિસેમ્બરે, વિધાનસભા ચૂંટણીના સમયે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદ ચર્ચાનો વિષય બન્યો હતો. બીજા દિવસે, ૭ ડિસેમ્બરે, કોલકાતામાં પાંચ લાખથી વધુ સનાતનીઓ ગીતા પાઠ માટે ભેગા થયા હતા, જેનાથી વાતાવરણ ભગવામય થઈ ગયું હતું. કોલકાતાના પરેડ ગ્રાઉન્ડ પર ભેગા થયેલા હિન્દુઓએ સનાતન ધર્મની શક્તિનું પ્રદર્શન કર્યું હતું, ત્યારે આ કાર્યક્રમમાં હાજર રહેલા બાગેશ્વર ધામ સરકારે ફરી ભગવા-એ-હિંદ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.કોલકાતામાં ગીતા પ્રચાર સમિતિના સમૂહ ગીતા પાઠ માટે દેશભરના સંતો અને મહાત્માઓ એકઠા થયા હતા, અને મોટી સંખ્યામાં હિન્દુઓએ પણ પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું હતું. ભાજપનો દાવો છે કે મુખ્યમંત્રી મમતા બેનર્જીને આ ગીતા પાઠ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ તેઓ હાજર રહ્યા ન હતા. મુર્શિદાબાદમાં નવી બાબરીનું બાંધકામ હજુ શરૂ પણ થયું નથી, પરંતુ બંગાળ અને ઉત્તર પ્રદેશથી લોકો હુમાયુના સમર્થનમાં મુર્શિદાબાદ આવી રહ્યા છે. ઇંટો લાવવામાં આવી રહી છે અને ચછ કોડ દ્વારા દાન આપવામાં આવી રહ્યું છે. મુર્શિદાબાદમાં નવી બાબરી માટે દસ લાખ ઇંટો એકઠી કરવામાં આવી છે. લગભગ ૩ કરોડ રૂપિયા એકઠા થયા છે. બાબરી મસ્જિદને લઈને મુસ્લિમોના સમર્થનથી સસ્પેન્ડ કરાયેલા ટીએમસી ધારાસભ્ય ખૂબ જ ખુશ છે. નવા રામ મંદિરનો શિલાન્યાસ મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદના શિલાન્યાસ સમારોહના દિવસે જ રામ મંદિરનો શિલાન્યાસ સમારોહ પણ યોજાયો હતો. મુર્શિદાબાદમાં, ભાજપના નેતા સખારોવ સરકારે અયોધ્યામાં રામ લલ્લા મંદિરની જે જ નવા મંદિરના નિર્માણ માટે શિલાન્યાસ સમારોડ કી હતો. રામ મંદિર ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી હતી અને શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. બહરામપુરમાં આ મંદિર ખૂબ મોટું હશે અને તેમાં એક હોસ્પિટલ અને એક શાળા પણ શામેલ હશે.

## સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિન સામેલ હોતા નથી

# ચાંદીની કિંમત ઓલ ટાઈમ હાઈઃ ૯૦૦ રૂપિયા મોંઘી થઈને ૧.૭૯ લાખ રૂપિયા પ્રતિ કિલો વેચાઈ



૮ ડિસેમ્બરે ચાંદીનો ભાવ ઓલ ટાઈમ હાઈ પહોંચી ગયો છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન અનુસાર, ૧ કિલો ચાંદીનો ભાવ ૯૦૦ રૂપિયા વધીને ૧,૭૯, ૧૧૦ રૂપિયાની રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયો છે.

આ પહેલા ચાંદીની કિંમત ૧,૭૮,૨૧૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી. જ્યારે, આજે સોનાના ભાવમાં પણ તેજી જોવા મળી રહી છે. ૧૦ ગ્રામ સોનું ૯૯ રૂપિયા મોંઘું થઈને ૧,૨૮,૯૯૧ રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા સોનું ૧,૨૮,૫૯૨ રૂપિયાનું હતું. ગયા કારોબારી સપ્તાહમાં સોનું ૨,૦૦૧ રૂપિયા અને ચાંદી ૧૩,૮૫૧ રૂપિયા મોંઘી થઈ છે. સોનાએ ૧૭ ઓક્ટોબરે ૧,૩૦,૮૭૪ રૂપિયાની ઓલ ટાઈમ હાઈ બનાવી હતી. આ પહેલા સોનું ૧,૨૮,૫૯૨ રૂપિયાનું હતું. ગયા કારોબારી સપ્તાહમાં સોનું ૨,૦૦૧ રૂપિયા અને ચાંદી ૧૩,૮૫૧ રૂપિયા મોંઘી થઈ છે. સોનાએ ૧૭ ઓક્ટોબરે ૧,૩૦,૮૭૪ રૂપિયાની ઓલ ટાઈમ હાઈ બનાવી હતી. કેન્દ્રીય બેંકોની ખરીદી દુનિયાભરની મોટી બેંકો ડોલર પરની નિર્ભરતા ઘટાડવા માગે છે. તેથી તેઓ પોતાના ભંડોળમાં સોનાનો હિસ્સો સતત વધારી રહ્યા છે. જ્યારે મોટી બેંકો સતત ખરીદી કરે છે ત્યારે બજારમાં સોનાની માંગ જળવાઈ રહે છે અને કિંમત ઉપર જાય છે.

ક્રિપ્ટોથી સોના તરફ વલણ : ક્રિપ્ટોમાં ઉતાર-ચઢાવ અને કડક નિયમોના ડરથી રોકાણકારો સોનામાં પૈસા લગાવી રહ્યા છે. છેલ્લા કેટલાક સમય દરમિયાન ભારતમાં શેરબજારમાંથી ઓછા વળતરે પણ સોનાને આકર્ષક બનાવ્યું છે. આ ઉપરાંત લગ્નની સીઝન શરૂ થવાથી પણ સોનાની માંગ વધી ગઈ છે. સોનાની માગમાં તેજી અને ગોલ્ડ ઇમાં વધતા રોકાણથી કિંમતો વધી જાય છે. લાંબા ગાળાની સંપત્તિઃ સોનું ક્યારેય સંપૂર્ણપણે નકામું થતું નથી. તે

**દુનિયાભરની મોટી બેંકો ડોલર પરની નિર્ભરતા ઘટાડવા ભંડોળમાં સોનાનો હિસ્સો વધારે છે**

નાશ પામતું નથી, મર્યાદિત માત્રામાં છે અને મોંઘવારીના સમયે તેની કિંમત જાળવી રાખે છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત પર, ૫૨૯ રૂપિયા વધી છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનું ૭૨,૧૯૨ રૂપિયાનું હતું, જે હવે ૧,૨૮,૬૯૧ રૂપિયા થઈ ગયું છે.

## સુરતમાં SIR હેઠળ ૨૩ લાખ મતદારોનું મેપિંગ પૂર્ણ

# ૪૮.૭૩ લાખ મતદારોમાંથી ૩૫.૯૦ લાખ ફોર્મ તો ભરાયા પણ ૧૩.૫૭ લાખે પૂરતા પુરાવા આપ્યા નથી



**૧૨.૬૮ ના ફોર્મ આવ્યા જ નહી : સુરતમાં ૪૮.૭૩ લાખ મતદારોમાંથી ૨૫.૯ ટકા એટલે કે ૧૨,૬૮,૯૮૬ મતદારોના ફોર્મ ફોર્મ્સ અનકલેક્ટેડ રહ્યાં એટલે કે પરત આવ્યા નથી.**

સુરત- SIR ની કામગીરી અંતર્ગત સુરત જિલ્લા-શહેરમાં ૪૮.૭૩ લાખ મતદારો છે, જેમાંથી ૩૫.૯૦ લાખ મતદારોએ એમ્યુરેશન ફોર્મ ભરીને આપી દીધા છે. આ તમામને એપ્લિકેશનમાં ડિઝિટાઈઝ પણ કરી દેવામાં આવ્યા છે. પરંતુ તેમાંથી ૧૩.૫૭ લાખ મતદારોનું મેપિંગ થયું નથી.

એટલે કે, તેમને નોટીસ આપવામાં આવશે. હાલ સુરતમાં ૪૮.૭૩ લાખ મતદારો છે જેમાંથી માત્ર ૨૨.૩૩ મતદારોનું જ મેપિંગ થયું છે.

૧૨.૬૮ ના ફોર્મ આવ્યા જ નહીં : સુરતમાં ૪૮.૭૩ લાખ મતદારોમાંથી ૨૫.૯ ટકા એટલે કે ૧૨,૬૮,૯૮૬ મતદારોના ફોર્મ ફોર્મ્સ અનકલેક્ટેડ રહ્યાં એટલે કે પરત આવ્યા નથી. જેમાંથી ૧.૪૫ લાખ લોકોના મૃત્યુ થયા છે, ૧.૨૯ લાખ લોકો રહેણાંક પર મળ્યા નથી, ૮.૭૦ લાખ લોકો કાયમ માટે ઘર સ્થળાંતર કરી લીધું છે.

# જામસાહેબ સર દિગ્વિજયસિંહ જાડેજાને ભારતરત્ન આપવા કેસરીદેવસિંહની રાજયસભામાં માંગ!

જામનગરના પૂર્વ મહારાજા જામસાહેબ સર દિગ્વિજય સિંહજી રણજિતસિંહજી જાડેજાને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન ૩ભારતરત ૩થી પુરસ્કૃત કરવાની માગ આજે રાજયસભામાં ઊઠી છે. ગુજરાતથી રાજ્યસભા સાંસદ કેસરીદેવસિંહ ઝાલાએ આજે સંસદીય કાર્યવાહી દરમિયાન આ માગ ઉઠાવી છે, જેમાં તેઓએ જામસાહેબની ઐતિહાસિક સિદ્ધિઓ, સૌરાષ્ટ્રના રજવાડાઓના એકીકરણ, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પોલિશ શરણાર્થીઓને આશ્રય અને સોમનાથ મંદિર પુનર્નિર્માણ જેવા કાર્યોનો વિગતવાર ઉલ્લેખ કર્યો હતો. આજે રાજયસભાને સંબોધિત કરતા એમપી કેસરીદેવસિંહ ઝાલાએ તેમના સંસદીય પ્રવચનમાં જામસાહેબ દિગ્વિજય સિંહજી રણજિતસિંહજી જાડેજાની સિદ્ધિઓ ઉજાગર કરતા કહ્યું હતું કે, 'આઝાદી સમયે સરદાર વલ્લભભાઈ પટેલે ૫૬૨ રજવાડાઓને એક કરીને આધુનિક ભારતનું નિર્માણ કર્યું હતું. તેમણે ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રાંતના ૨૧૭ રજવાડાઓને એક કરવાની જવાબદારી જામસાહેબ સર દિગ્વિજયસિંહ ને સોંપી હતી. તેઓએ રાજધર્મને સમજીને આ કાર્યને અમલમાં મૂક્યું, જેના કારણે સૌરાષ્ટ્ર એક વતન બન્યું.' આટલું જ નહીં, કેસરીદેવસિંહ ઝાલાએ જામસાહેબ સર દિગ્વિજયસિંહની દેશવિદેશની ખ્યાતિ અંગેની માહિતી આપતા સંસદમાં કહ્યું હતું કે, મહારાજા દિગ્વિજયસિંહે યુવાન અવસ્થામાં આર્મીમાં જોડાઈ આફ્ઘાનિસ્તાનમાં સેવા આપી અને વિશ્વયુદ્ધમાં ભાગ લીધો હતો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેઓએ બ્રિટિશ વોર કેબિનેટમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું અને ઇમ્પિરિયલ વોર કાઉન્સિલ તથા પેસિફિક વોર કાઉન્સિલમાં સભ્ય તરીકે કાર્ય કર્યું હતું. ૧૯૩૫માં તેઓને ૩સર૩ની ઉપાધિ મળી હતી. વર્ષ ૧૮૯૫માં જન્મેલા સર દિગ્વિજયસિંહજી જાડેજાએ હાલના જામનગર (પહેલાં નવાનગર) માં ૧૯૩૩થી ૧૯૪૮ સુધી મહારાજા તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. બાદમાં તેઓએ સરદાર વલ્લભભાઈ પટેલના કહેવાથી ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રાંતના ૨૧૭જેટલા રજવાડાઓને એકત્ર કર્યા હતા અને વર્ષ ૧૯૪૮થી ૧૯૫૬ સુધી તેઓ સૌરાષ્ટ્રના રાજપ્રમુખ રહ્યા હતા. તેઓ પ્રખ્યાત ક્રિકેટર કુમાર રણજિતસિંહજીના વંશજ હતા અને બ્રિટિશ ભારતીય સેનામાં લેફ્ટનન્ટ જનરલની પદવી સુધી પહોંચ્યા હતા.વધુમાં કેસરીદેવસિંહ ઝાલાએ ઉમેર્યું હતું કે, આઝાદી પછી સર દિગ્વિજયસિંહજીએ સોમનાથ મંદિર પુનર્નિર્માણ ટ્રસ્ટના સભ્ય તરીકે સરદાર પટેલ અને કે.એમ. મુનશી સાથે જોડાયા હતા. જે બાદ સોમનાથ મંદિર પુનર્નિર્માણ શરૂ થયું હતું. આટલું જ નહીં વર્ષ ૧૯૪૨ માં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પોલેન્ડથી સ્થળાંતરિત થયેલા હજારોની સંખ્યામાં શરણાર્થીઓ, ખાર રીતે મહિલાઓ અને બાળકોને તેઓએ આશ્રય આપ્યો હતો.

Date-10/12/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## ચૌટા બજાર સ્થિત હનુમાનજી ના પૌરાણિક મંદિરના પાટોત્સવ નિમિત્તે પ્રસાદનું વિતરણ કરી મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ લાહવો લીધો

માગશર વદ ચોથ તા ૮/૧૨/૨૦૨૫ સોમવારે ચૌટા બજાર સ્થિત હનુમાનજી ના પૌરાણિક મંદિરના પાટોત્સવ નિમિત્તે કર્મકાંડી ભુદેવ શ્રી વિરાજ જોષી એ ટ્રસ્ટી શ્રી જતીનભાઈ હોરા, લાલભાઈ કણિયા તથા મંદિરના દેવ સેવક શ્રી અનિલ જાની, શ્રી બકુલ જાની, શ્રી જયેશ જાની ની ઉપસ્થિતિ માં સાંજે ૭ વાગ્યે આરતી કરાવીને પ્રસાદનું વિતરણ કર્યું છે, જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ લાહવો લીધો છે.

મંદિરને ફુલોનો વિશેષ શણગાર કરવામાં આવ્યો છે. આરતી પછી સાંજે ૭:૩૦ વાગ્યે સુંદર કાંડ પાઠના પથન નું આયોજન કરાયું છે. જેને શ્રી દિવ્યકાંત શુક્લ અને શ્રી ધ્રુવેશ શુક્લ એ ગાયું છે.

આશિષ કાપડિયા, ભૌતિક ગાંધી, સમીર સોની, ભાવિન ત્રિવેદી, સેન્કી સોની, પ્રશાંત સોની, હિમાંશુ ચાપાનેરિયા, સંદિપ વરિયાવ વાલા, પ્રશાંત કાપડિયા, રવિ ગાંધી તથા આજુ બાજુના રહેવાસીઓ તથા દુકાનદારો



એ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી છે. અંતે મહાપ્રસાદી લઈને દરેક ભાવિક ભક્તો છુટા પડ્યા છે.

## શ્રી વાલ્મીકિ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ રંગોત્સવ સેલિબ્રેશનમાં વિદ્યાર્થીએ આર્ટમેરિટ એવોર્ડ



શ્રી નાચિકેત નિર્માણ ટ્રસ્ટ સંચાલિત શ્રી વાલ્મીકિ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ રંગોત્સવ સેલિબ્રેશન સંસ્થાન મહારાષ્ટ્ર, મુંબઈ દ્વારા આયોજિત ચિત્ર રંગપુણી સ્પર્ધામાં કુલ ૩૬ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો.

જેમાં એક વિદ્યાર્થીએ આર્ટમેરિટ એવોર્ડ સાત વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ પાંચ વિદ્યાર્થીઓએ સિલ્વર મેડલ અને ત્રણ વિદ્યાર્થીઓએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ હતો. શાળાના શિક્ષક શ્રી કિરણભાઈ ટંડેલ અને શાળાના ચિત્ર શિક્ષક શ્રી ફેનિલભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પડાયુ હતુ આ ઇનામ મેળવવા બદલ શાળાના આચાર્યશ્રી આશિષભાઈ ચૌધરી તેમજ શાળા સંચાલક મંડળના પ્રમુખશ્રી નરેશભાઈ ડાવરીયા એ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ઘરેલુ હિંસા નાબુદી અભિયાન અંતર્ગત

## બારડોલી ૧૮૧ અભયમ મહીલા હેલ્પલાઇન ટીમ દ્વારા સૂરત ગ્રામ્યની અલગ અલગ સ્કૂલો, કોલેજો, કન્યા છાત્રાલયો અને આશ્રમ શાળામાં જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યા

બારડોલી -તારીખ:-૨૫/૧૧/૨૦૨૫ થી ૧૦/૧૨/૨૦૨૫ સુધી ઘરેલુ હિંસા નાબુદી અભિયાન અંતર્ગત બારડોલી ૧૮૧ ટીમે સૂરત ગ્રામ્યની અલગ અલગ સ્કૂલ, કોલેજ, કન્યા છાત્રાલયો અને આશ્રમ શાળા પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૮૧ અભયમ ટીમના કાઉન્સેલર પટેલ ખૂશ્બૂ, પટેલ તૃપ્તિ, મહિલા પોલીસ કર્મચારી ચૌધરી ચંદ્રિકાબેન, ચૌધરી વનિતાબેન, પાયલોટ શેખ અક્રમભાઈ, પટેલ ધર્મેશભાઈ દ્વારા સ્કૂલ, કોલેજ, કન્યા છાત્રાલયો અને સંસ્થાના કર્મચારીઓ સાથે સંકલનમાં રહીને ૧૮૧ મહિલા હેલ્પલાઇનની માહિતી વધુમાં વધુ મહિલાઓ અને દીકરીઓ સુધી પહોંચી શકે તેવા પ્રયાસ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન વિશે માહિતી આપવામાં આવેલ તેમજ દીકરીઓને ગુડ ટચ બેડ ટચ અંગે સમજણ આપી.

ત્યારબાદ પોક્સો અધિનિયમ, બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ અને ઘરેલું હિંસા અધિનિયમ -૨૦૦૫ વિશે પ્રાથમિક માહિતી






આપી દીકરીઓએ પોતાની આત્મસુરક્ષા કેવી રીતે કરવી, સ્ત્રી સશક્તિકરણ કોને કહેવાય, સમાજમાં વધતા જતા દૂષણો તેમજ કૂરિવાજો, માન્યતાઓ, અંધશ્રધ્ધાઓનો સામનો કઈ રીતે થઈ શકે, મહિલાઓના હક્કો, અધિકારો એ ઉપરાંત સરકાર દ્વારા મહિલાઓ માટે સુરક્ષાની વ્યવસ્થાના ભાગરૂપે અન્ય સંસ્થાઓ, આશ્રયગૃહો, આર્થિક તેમજ આરોગ્યલક્ષી યોજનાઓ વિશે માહિતગાર કરવામાં આવેલા. ત્યારે મહિલાને ભયમુક્ત બનાવવા માટે ગુજરાત રાજયમાં કોઈપણ જગ્યાએ મહિલાઓ પર ઘરેલુ હિંસા, છેડતી ટેલીફોનિક ટોકિંગ જાતીય સતામણી જેવા અનેક બનાવોમાં મહિલાને તાત્કાલિક ૧૮૧ ટીમ મદદે પહોંચે છે.

જો કોઈ મહિલાઓને તકલીફ પડે તો ૧૮૧ માં કોલ કરવાથી વિનામૂલ્યે સલાહ, સૂચન-માર્ગદર્શન, બચાવ-મદદ થઈ શકશે. ગુજરાત રાજયની બધી જ મહિલાઓ અને દીકરીઓ મુશ્કેલીના સમયે ડરીને નહીં પરંતુ હિમ્મત રાખીને ૧૮૧ નો ઉપયોગ કરે એવી બારડોલી ૧૮૧ ટીમ દ્વારા રજૂઆત કરવામાં આવી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ મહિલાઓની મદદ માટે ૨૪x૭ કલાક કાર્યરત છે. તેમજ મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે ડિજિટલ સ્વરૂપમાં લોન્ચ થયેલી ૧૮૧ મોબાઇલ એપ્લિકેશન ની માહિતી અંગે દીકરીઓને માહિતગાર કર્યા હતા.

## બારડોલીમાં ભવ્ય આયોજન: પૂજ્ય મોરારીબાપુના સાંનિધ્યમાં સ્વરાજ આશ્રમ ખાતે ૧૪ મી સરદાર સંગોષ્ઠિ અને સ્મૃતિ વ્યાખ્યાન યોજાશે



**બારડોલી-** બારડોલીની ઐતિહાસિક ભૂમિ પર આવેલ સ્વરાજ આશ્રમ ખાતે આગામી તારીખ ૧૫મી ડિસેમ્બરના રોજ જ્ઞાન અને ભક્તિનો ત્રિવેણી સંગમ જોવા મળશે. રાષ્ટ્રનિર્માતા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ અને સ્વાતંત્ર્ય સેનાની ઉત્તમચંદ શાહના ૧૨૫મા જન્મજયંતિ વર્ષ નિમિત્તે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

મુકુલ ટ્રસ્ટ, સ્વરાજ આશ્રમ-બારડોલી અને સંગીતની દુનિયાના સંયુક્ત ઉપક્રમે ૧૪મી 'સરદાર સંગોષ્ઠિ' અને 'ઉત્તમચંદ શાહ સ્મૃતિ વ્યાખ્યાન' યોજાશે. આ ગરિમાપૂર્ણ સમારોહમાં પ્રસિદ્ધ રામાયણ કથાકાર પૂજ્ય મોરારીબાપુ ખાસ ઉપસ્થિત રહીને તેમના આશીર્વચન પાઠવશે.

કાર્યક્રમમાં વક્તા તરીકે લોકભારતી યુનિવર્સિટીના પ્રો-વાઈસ ચાન્સેલર અને જાણીતા લેખક ડો. વિશાલ ભાદાણી તથા ચિંતક અને શ્રેષ્ઠ વહીવટકર્તા શ્રી વસંત ગઢવી ઉપસ્થિત રહેશે અને પોતાના વિચારો રજૂ કરશે. આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ (સ્પીકર) શ્રી વિજેન્દ્ર ગુપ્તા પણ હાજરી આપશે.

કાર્યક્રમની વિગત: તારીખ: ૧૫/૧૨/૨૦૨૫, સોમવાર, સમય: સાંજે ૪:૦૦ કલાકે, સ્થળ: સ્વરાજ આશ્રમ, બારડોલી પરિસર

આ બૌદ્ધિક અને આધ્યાત્મિક કાર્યક્રમનો લાભ લેવા માટે આયોજકો દ્વારા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૭૧૮ મો આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું





**બારડોલી-** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલિત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ , શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૦૮/૧૨/૨૦૨૫ ને સોમવારના રોજ ૭૧૮માં આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ મોતિયા ના ઓપરેશનો લેન્સ સાથે ની: શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગા ને ભોજન (નારાયણ સેવા) ગીતાબેન જગદીશભાઈ સોની, લેસ્ટર (યુ.કે) તરફ થી કરાવવામાં આવ્યું.

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંલ્ખ વિભાગ, દાંત વિભાગ અને ફિજિયો થેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે. અને સીવણ તથા બ્યુટી પાર્લર ના ક્લાસ વિના મૂલ્યે ચલાવવામાં આવે છે અને યોગા ક્લાસ સવારે ૬ થી ૭ ના સમય ગાળા દરમિયાન ચાલે છે. બધી જ સારવાર એકદમ ફ્રી માં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકો ને લાભ લેવા વિનંતિ.

## વરાછામાં મોબાઈલ ઝૂંટવી ભાગતા સ્નેચરને લોકોએ દબોચ્યો

સુરત- સુરતના વરાછા વિસ્તારમાં મોબાઈલ સ્નેચિંગની ઘટનામાં લોકોની સતર્કતા અને મહિલાના આક્રોશનો મામલો સામે આવ્યો છે. વરાછાના માતાવાડી નજીક આવેલી રંગ અવધૂત સોસાયટીના માર્કેટ વિસ્તારમાં એક મોબાઈલ સ્નેચરને લોકોએ રંગેહાથ ઝડપી પાડીને સબક શીખવ્યો હતો. જે મહિલાના હાથમાંથી મોબાઇલ ઝૂંટવીને ભાગી રહ્યો હતો. તે મહિલાએ મોબાઇલ સ્નેચરને ૧૩ તમાચા અને ચાર ચપ્પલ મારી હતી. ત્યારબાદ મોબાઈલ સ્નેચરને પોલીસને હવાલે કરી દેવામાં આવ્યો હતો.
















ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).